**(૧) નીચેનામાંથી કયો પ્રદેશ કુચીપુડી નૃત્ય માટે જાણીતો છે?**
(૧) આસામ (૨) કેરળ
(૩) આંધ્રપ્રદેશ (૪) મધ્યપ્રદેશ

**(૨) પાટણની પટોળા વણાટની કલા કેટલા વર્ષ જૂની હોવાનું માનવામાં આવે છે ?**
(૧) ૧૨૦૦ વર્ષ (૨) ૮૫૦ વર્ષ
(૩) ૪૦૦ વર્ષ (૪) ૬૫૦ વર્ષ

**(૩) નીચેનામાંથી કયું શહેર પ્રાચીન સમયથી ભારતમાં ચર્મ ઉદ્યોગનું કેન્દ્ર મનાય છે ?**
(૧) કાનપુર (૨) દિલ્હી
(૩) બેંગ્લોર (૪) કોલકત્તા

**(૪) નીચેનામાંથી કયું શહેર બાંધણી માટે જાણીતું નથી ?**
(૧) જેતપુર (૨) જામનગર
(૩) ભુજ (૪) અમરેલી

**(૫) ઢાઈ-દિન-કા-ઝોંપડા એ નીચેનામાંથી શું છે ?**
(૧) મંદિર (૨) મસ્જિદ
(૩) અગિયારી (૪) ચર્ચ

**(૬) ઢાઈ-દિન-કા-ઝોંપડા એ મસ્જિદ ક્યાં આવેલી છે ?**
(૧) અજમેર (૨) કોટા
(૩) અમદાવાદ (૪) જયપુર

**(૭) નીચેનામાંથી કયુ પુસ્તક પ્રાચીન ભારતનું ઐતિહાસિક પુસ્તક ગણાય ?**
(૧) પૃથ્વીરાજ રાસો (૨) મદનમોહન
(૩) હર્ષ ચરિત (૪) રાજતરંગિણી

**(૮) નીચેનામાંથી કયુ પવિત્ર પુસ્તક બુધ્ધ ધર્મનું સાહિત્ય ગણાય ?**
(૧) ત્રિપિટક (૨) આગમો
(૩) કલ્પસૂત્ર (૪) સારિપુત્ર

**(૯) કયા મહાકાવ્યમાં મોક્ષમાં જવાના રસ્તાની ચર્ચા થયેલી છે ?**
(૧) ઉપનિષદ (૨) ગરુડ પુરાણ
(૩) ભગવદ્‌ગીતા (૪) ઋગ્વેદ

**(૧૦) ''કાદમ્બરી'' ના રચયિતા.......**
(૧) શુદ્રક (૨) ભાસ (૩) કાલિદાસ (૪) બાણ

**(૧૧) વિશ્વનું સૌથી મોટું મહાકાવ્ય.......**
(૧) રામાયણ (૨) મહાભારત
(૩) યજુર્વેદ (૪) તામિલ રામાયણ

**(૧૨) ''હસ્તિ આયુર્વેદ'' આ પુસ્તકમાં કયા રોગોની ચર્ચા થઈ છે ?**
(૧) પક્ષીઓ (૨) પ્રાણીઓ
(૩) સ્ત્રી (૪) બાળરોગો

**(૧૩) ૬૪ યોગીનીના મંદિરો ક્યાં આવેલા છે ?**
(૧) ખજુરાહો (૨) એલીફન્ટાની ગુફાઓ
(૩) અજંતા (૪) ઈલોરા

**(૧૪) પ્રાચીન સમયમાં મહાબલીપુરમ શું હતું ?**
(૧) નગર (૨) ખીણ
(૩) હિલ સ્ટેશન (૪) બંદર

**(૧૫) તરણેતરના મેળા માટે કયું રાજ્ય પ્રખ્યાત છે ?**
(૧) રાજસ્થાન (૨) મધ્યપ્રદેશ
(૩) ઉત્તરપ્રદેશ (૪) ગુજરાત

**(૧૬) પોંગલ કયા રાજ્યનો મુખ્ય તહેવાર છે ?**
(૧) આસામ (૨) કર્ણાટક
(૩) તામિલનાડુ (૪) કેરળ

**(૧૭) અકબરના દરબારમાં કુલ કેટલા રત્નો હતા ?**
(૧) છ (૨) આઠ (૩)નવ (૪)બાર

**(૧૮) કોણાર્કનું સૂર્યમંદિર નીચેનામાંથી કયા રાજ્યમાં આવેલું છે ?**
(૧) બિહાર (૨) કર્ણાટક
(૩) ઓરિસ્સા (૪)મધ્યપ્રદેશ

**(૧૯) નાગાર્જુન સાગર ડેમ કઈ નદી પર બાંધવામાં આવેલો છે ?**
(૧) રાવી (૨) ક્રિષ્ના
(૩) ગોદાવરી (૪) કાવેરી

**(૨૦) પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ નીચેનામાંથી કયા શહેરમાં આવેલું છે ?**
(૧) મુંબઈ (૨) ચેન્નઈ
(૩) કોલકત્તા (૪) દિલ્હી

**(૨૧) સહસ્ત્રલિંગ તળાવ કયા સ્થળે આવેલું છે ?**
(૧) સિધ્ધપુર (૨) વડનગર
(૩) પાટણ (૪) અમદાવાદ

**(૨૨) માનવ નિર્મિત સંશાધન નીચેનામાંથી કયું ગણાય ?**
(૧) જંગલો (૨) જમીન
(૩) પાણી (૪) મકાનો

**(૨૩) ''વિશ્વ વન દિન''ની ઉજવણી ક્યારે થાય છે ?**
(૧) ૨૩મી માર્ચ (૨) ૧૪મી એપ્રિલ
(૩) ૨૧મી માર્ચ (૪) ૧૬મી જુલાઈ

**(૨૪) કયા વર્ષથી ''પ્રોજેક્ટ ટાઈગર'' અમલમાં આવ્યો ?**
(૧) વર્ષ : ૧૯૭૨ (૨) વર્ષ : ૧૯૭૩
(૩) વર્ષ : ૧૯૭૪ (૪) વર્ષ : ૧૯૭૫

**(૨૫) એક શિંગડાવાળા ગેંડા નીચેનામાંથી કયા અભ્યારણ/ રાષ્ટ્રિય ઉદ્યાનમાં જોવા મળે છે ?**
(૧) જીમ કાર્બેટ (૨) દચીગામ
(૩) કાન્હા (૪) કાઝીરંગા

**(૨૬) માનવ સંહાર માટે મનુષ્ય દ્વારા કયા પ્રકારનું શસ્ત્ર વાપરવામાં આવે છે ?**
(૧) ટેન્ક (૨) દારુગોળો
(૩) રાઈફલ્સ (૪) ન્યુક્લિયર શસ્ત્ર

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

વંદના મનીષ શાહ

**(૨૭) વીજળીની સૌથી વધુ સુવાહક ધાતુ નીચેનામાંથી કઈ ?**
(૧) સોનુ (૨) તાંબુ
(૩) લોખંડ (૪) ચાંદી

**(૨૮) ગુજરાતમાં કયા સ્થળે સીસુ, તાંબુ અને ઝિંકને લગતી ખાણો આવેલી છે ?**
(૧) પાલનપુર (૨) દાંતા
(૩) ખેડબ્રહ્મા (૪) શામળાજી

**(૨૯) ઉકાઈ હાઈડ્રોઈલેક્ટ્રિસીટી સ્ટેશન કઈ નદી પર આવેલું છે ?**
(૧) મહી (૨) સાબરમતી
(૩) નર્મદા (૪) તાપી

**(૩૦) કયા રાજ્યમાં શેરડીનું ઉત્પાદન વધુ છે ?**
(૧) ગુજરાત (૨) મહારાષ્ટ્ર
(૩) કર્ણાટક (૪) ઉત્તરપ્રદેશ

**(૩૧) નીચેનામાંથી કયો વિકલ્પ અન્ય સાથે બંધબેસતો નથી ?**
(૧) વીપ્રો (૨) ઈન્ફોસીસ
(૩) એચ.સી.એલ. ટેકનો (૪) એલ. એન્ડ ટી.

**(૩૨) પી. સી. ઓ. નું પુરુ નામ.......**
(૧) પબ્લિક કંટ્રોલ ઓફિસ(૨) પબ્લિક કોલ ઓર્ગેનાઈઝેશન
(૩) પબ્લિક કવરેજ ઓફિસ (૪) પબ્લિક કોલ ઓફિસ

**(૩૩) કયા નેશનલ હાઈવેને ''ગ્રાન્ડ ટ્રંક રોડ'' તરીકે ઓળખવામાં આવે છે ?**
(૧) ને. હા. નં.-૮ (૨) ને. હા. નં.-૭
(૩) ને. હા. નં.-૧ (૪) ને. હા. નં.-૨

**(૩૪) જો ફૂટપાથ ન હોય તો પગપાળા ચાલતા લોકોએ રોડની કઈ બાજુએ ચાલવું જોઈએ ?**
(૧)મધ્યમાં (૨) જમણી બાજુ
(૩) ડાબી બાજુ (૪) બધા વિકલ્પો ખોટા છે

**(૩૫) ગુજરાતનું મોટામાં મોટુ રેલ્વે સ્ટેશન કયું ?**
(૧) સુરત(૨) રાજકોટ (૩) વડોદરા (૪) અમદાવાદ

**(૩૬) ગુજરાતમાંથી કયો નેશનલ હાઈવે પસાર થાય છે ?**
(૧) નેશનલ હાઈવે નં.-૩૫ (૨)નેશનલ હાઈવે નં.-૧
(૩) નેશનલ હાઈવે નં.-૮(૪) નેશનલ હાઈવે નં.-૧૦

**(૩૭) ચેન્નાઈથી પોર્ટબ્લેયર જવું હોય તો કયા માર્ગે જઈ શકાય ?**
(૧) ફક્ત જળ માર્ગે (૨) ફક્ત હવાઈ માર્ગે
(૩) જળમાર્ગે અને હવાઈ માર્ગે (૪) જળમાર્ગે, હવાઈ માર્ગે અને રોડ માર્ગે

**(૩૮) મીટરગેજ રેલના પાટાની પહોળાઈ કેટલી ?**
(૧) ૧.૬૭૬ મી. (૨) ૧ મીટર
(૩) ૦.૭૬૨ મી. (૪) ૧.૭૬૨ મી.

**(૩૯) ભારતનો પ્રથમ ઉપગ્રહ ''આર્યભટ્ટ'' કયા વર્ષમાં અવકાશમાં તરતો મૂકાયો હતો ?**
(૧) વર્ષ : ૧૯૭૮ (૨)વર્ષ : ૧૯૭૨
(૩) વર્ષ : ૧૯૭૫ (૪) વર્ષ : ૧૯૭૧

**(૪૦) ભારતમાં ટપાલ સેવાનો પ્રરંભ કયા વર્ષથી થયો ?**
(૧) ૧૯૫૩ (૨) ૧૯૩૭
(૩) ૧૮૩૭ (૪) ૧૮૫૩

**(૪૧) પશ્ચિમ રેલવેનું મુખ્ય મથક ક્યાં આવેલું છે ?**
(૧) અમદાવાદ (૨) જામનગર
(૩) જયપુર (૪) મુંબઈ

**(૪૨) જમ્મુ અને કન્યાકુમારી વચ્ચેનો રેલ રૂટ નીચેનામાંથી કયો ?**
(૧) હિમ સાગર એક્સપ્રેસ (૨) જમ્મુ તાવી એક્સપ્રેસ
(૩) વિવેકાનંદ એક્સપ્રેસ (૪) રાજધાની એક્સપ્રેસ

**(૪૩) નેશનલ હાઈવે નં.-૨ કયા બે શહેરો વચ્ચે દોડે છે ?**
(૧) દિલ્હી-મુંબઈ (૨) દિલ્હી-કોલકત્તા
(૩) જમ્મુ-કન્યાકુમારી (૪) મુંબઈ-ચેન્નાઈ

**(૪૪) કોલકત્તા અને બોનગાવ વચ્ચે દોડતો નેશનલ હાઈવે કયો ?**
(૧) નેશનલ હાઈવે નં.-15(૨) નેશનલ હાઈવે નં.-30
(૩) નેશનલ હાઈવે નં.-35(૪) નેશનલ હાઈવે નં.-6

**(૪૫) નેશનલ હાઈવે નં.-7 કયા બે શહેરો વચ્ચે દોડે છે ?**
(૧) વારાણસી-કન્યાકુમારી(૨) જમ્મુ-કન્યાકુમારી
(૩) દિલ્હી-કોલકત્તા (૪) મુંબઈ-ચેન્નાઈ

**(૪૬) નેશનલ હાઈવે નં.-8 કયા બે શહેરોને જોડે છે ?**
(૧) મુંબઈ-ચેન્નાઈ (૨) વારાણસી-કન્યાકુમારી
(૩) દિલ્હી-કોલકત્તા (૪) દિલ્હી-મુંબઈ

**(૪૭) PINનું પૂરું નામ.......**
(૧) પ્રાઈવેટ ઈન્કમ નંબર (૨) પોસ્ટલ ઈન્કમ નંબર
(૩) પોસ્ટલ ઈન્ડેક્ષ નંબર (૪) પ્રાઈવેટ ઈન્ડેક્ષ નંબર

**(૪૮) અમદાવાદથી વલસાડ જતાં કયું શહેર વચ્ચે નહિ આવે ?**
(૧) ભરૂચ (૨) સુરત
(૩) વડોદરા (૪) દાહોદ

**(૪૯) ભારતનું અર્થતંત્ર કેવું ગણાય ?**
(૧) વિકસિત (૨) અર્ધ વિકાસશીલ
(૩) સ્થિર (૪) વિકાસશીલ

**(૫૦) રાષ્ટ્રની કુલ આવકને કુલ વસ્તી વડે ભાગીએ તો જે આવક મળે તેને શું કહેવાય ?**
(૧) વાર્ષિક આવક (૨) સરેરાશ આવક
(૩) માથાદીઠ આવક (per capital income)
(૪) વ્યક્તિની પોતાની આવક

## જવાબ

**(૧) ૩ (૨) ૨ (૩) ૧ (૪) ૪ (૫) ૨(૬) ૧ (૭) ૪ (૮) ૧ (૯) ૩ (૧૦) ૪ (૧૧) ૨ (૧૨) ૨ (૧૩) ૧ (૧૪) ૪ (૧૫) ૪ (૧૬) ૪ (૧૭) ૩ (૧૮) ૩ (૧૯) ૨ (૨૦) ૧ (૨૧) ૩ (૨૨) ૪ (૨૩) ૩ (૨૪) ૨ (૨૫) ૪ (૨૬) ૪ (૨૭) ૨ (૨૮) ૨ (૨૯) ૪ (૩૦) ૪ (૩૧) ૪ (૩૨) ૪ (૩૩) ૪ (૩૪) ૩ (૩૫) ૪ (૩૬) ૩ (૩૭) ૩ (૩૮) ૨ (૩૯) ૩ (૪૦) ૩ (૪૧) ૪ (૪૨) ૧ (૪૩) ૨ (૪૪) ૩ (૪૫) ૧ (૪૬) ૪ (૪૭) ૩ (૪૮) ૪ (૪૯) ૪ (૫૦) ૩**

**(૧) તાજેતરમાં કઈ કંપનીના પ્લાન્ટ ખાતે ફાટી નીકળેલી હિંસાના કારણે તપાસ પૂરી ન થાય ત્યાં સુધી અનિશ્ચિત મુદત સુધી લોકઆઉટ કરવામાં આવ્યો છે ?**
(૧) તાતા (૨) મારુતી સુઝુકિ
(૩) હીરો હોન્ડા (૪) હુન્ડાઈ

**(૨) હાલમાં ભારતના કયા યુવા ક્રિકેટરે સતત પાંચ ઈનિંગ્સમાંથી ચાર ઈનિંગ્સમાં વનડે સદી ફટકારી છે ?**
(૧) ગૌતમ ગંભીર (૨) રહાણે
(૩) વીરેન્દ્ર સહેવાગ (૪) વિરાટ કોહલી

**(૩) બોલીવુડના પ્રથમ સુપરસ્ટાર નીચેનામાંથી કોણ?**
(૧) અમિતાભ બચ્ચન (૨) રાજેશખન્ના
(૩) દેવઆંનદ (૪) કે. એમ. સાયગલ

**(૪) ખૂબ જ યાદગાર ''મેરે સપનોંકી રાની'' એ ગીત કયા અભિનેતા પર ફિલ્માવવામાં આવ્યું હતું?**
(૧) દેવઆનંદ (૨) નવીન નિશ્ચલ
(૩) રાજેશ ખન્ના (૪) જોય મુખરજી

**(૫) અમદાવાદના પ્રખ્યાત હઠીસિંગના દહેરામાં કયા જૈન તીર્થંકરની પ્રતિમા છે?**
(૧) ધર્મનાથ (૨) મલ્લીનાથ
(૩) પાર્શ્વનાથ (૪) અરનાથ

**(૬) પુરાણોમાં જે સપ્ત મોક્ષદાયિની પુરીઓનો ઉલ્લેખ કરાયો છે તેમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય ?**
(૧) ભૃગુકચ્છ (૨) પાટણ
(૩) સિધ્ધપુર (૪) દ્વારિકા

**(૭) સોમનાથ ભગવાનની પ્રતિષ્ઠા કયા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિના હસ્તે કરવામાં આવી હતી?**
(૧) ચક્રવર્તી રાજગોપાલાચારી (૨) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(૩) વી.વી. ગીરી (૪) સર્વપલ્લી રાધાકૃષ્ણ

**(૮) પંચદેવની પૂજામાં પ્રથમ સ્થાન કયા દેવનું?**
(૧) શિવ (૨) કૃષ્ણ
(૩) સરસ્વતી (૪) ગણેશ

**(૯) કચ્છી બંધુઓના નૂતનવર્ષનો પ્રારંભ નીચેના પૈકી કયા દિને થાય છે ?**
(૧) ચૈત્ર સુદ બીજ (૨) વૈશાખ સુદ એકમ
(૩) અષાઢ સુદ એકમ (૪) અષાઢી બીજ

**(૧૦) નીચેનામાંથી કઈ નવલકથા ક.મા.મુન્શીની નથી?**
(૧) ગુજરાતનો નાથ (૨) રાજાધિરાજ
(૩) માનવીની ભવાઈ (૪) પાટણની પ્રભુતા

**(૧૧) ''ચરોતરનું મોતી'' એ ઉપનામ નીચેનામાંથી કોનું?**
(૧) સરદાર વલ્લભભાઈ પટેલ (૨) વિઠ્ઠલભાઈ પટેલ
(૩) ત્રિભુવનદાસ પટેલ (૪) મોતીભાઈ અમીન

**(૧૨) કઠપૂતળીઓની કામણગારી કળા હસ્તગત કરનાર મહિલા ?**
(૧) કુ. ઉર્મિ પરીખ (૨) સરિતા જોષી
(૩) મહેરબહેન કોન્ટ્રાક્ટર (૪) જશુબેન શિલ્પી

**(૧૩) ''મધર ઈન્ડિયા''માં જેણે યાદગાર ભૂમિકા ભજવી હતી તે મહિલા ?**
(૧) નરગીસ દત્ત (૨) તનુજા
(૩) મધુબાલા (૪) આશા પારેખ

**(૧૪) બંધારણની કઈ કલમ મુજબ ચૂંટણીપંચની સ્થાપના થઈ છે?**
(૧) કલમ ૩૨૪ (૨) કલમ ૩૨૫
(૩) કલમ ૩૨૬ (૪) કલમ ૩૨૭

**(૧૫) પાલીતાણામાં કુલ કેટલાં જૈન દહેરાં છે ?**
(૧) ૫૬૩ (૨) ૬૬૩
(૩) ૭૬૩ (૪) ૮૬૩

**(૧૬) મિસ યુનિવર્સનો ઈલ્કાબ જીતનાર પ્રથમ ભારતીય મહિલા કોણ ?**
(૧) ઐશ્વર્યા રાય (૨) રીતા ફારિયા
(૩) ડાયના હેડન (૪) સુસ્મિતા સેન

**(૧૭) ભારતના બંધારણનું આમુખ કોણે તૈયાર કર્યું હતું ?**
(૧) એમ. એન. રોય (૨) ડૉ. આંબેડકર
(૩) ગાંધીજી (૪) જવાહરલાલ નહેરુ

**(૧૮) સંયુક્ત રાષ્ટ્રધ્વજમાં જે વૃક્ષની ડાળીઓ બતાવવામાં આવી છે તે વૃક્ષ ?**
(૧) પામ ટ્રી (૨) ગુલમહોર ટ્રી
(૩) ગુલાબનું ટ્રી (૪) ઓલીવ ટ્રી

**(૧૯) ''એટલેન્ટિક ખતપત્ર'' કઈ વૈશ્વિક ઘટના સમયે બહાર પાડવામાં આવ્યો?**
(૧) પ્રથમ વિશ્વયુધ્ધ દરમ્યાન (૨) બીજા વિશ્વયુધ્ધ દરમ્યાન
(૩) ચીન આઝાદ થયું ત્યારે (૪) ભારત આઝાદ થયુ ત્યારે

**(૨૦) રાષ્ટ્રપતિ કયો ખરડો પુનઃ વિચારણા માટે પરત મોકલી શકતા નથી ?**
(૧) સંરક્ષણ (૨) રાષ્ટ્રીય કટોકટી
(૩) નાણા (૪) વૈધાનિક

**(૨૧) નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટેની લઘુતમ વય કઈ ?**
(૧) ૨૫ વર્ષ (૨) ૩૦ વર્ષ
(૩) ૧૮ વર્ષ (૪) ૨૧ વર્ષ

**(૨૨) સ્વાઈન ફ્લ્યૂ કયા વાયરસના કારણે થાય ?**
(૧) HIV-I (૨) $H_1N_1$
(૩) HBV (૪) $H_1V_1$

**(૨૩) આવર્ત કોષ્ટક પ્રમાણે નીચેના તત્વોમાંથી સહુથી હલકું કયું ?**
(૧) નાઈટ્રોજન (૨) ઓકિસજન
(૩) મિથેન (૪) હાઈડ્રોજન

**(૨૪) વાયુના ગતિવાદ મુજબ કયા તાપમાને વાયુનું દબાણ શૂન્ય હોય છે.?**
(૧) $-4^0C$ (૨) $100^0C$
(૩) $0^0C$ (૪) $273^0C$

**(૨૫) ફળોને પકવવા કયા ગેસનો ઉપયોગ કરવામાં આવે છે. ?**
(૧) મિથેન (૨) ઈથીલીન
(૩) પ્રોટોન (૪) પ્રોપીલીન

**(૨૬) કમ્પ્યૂટરમાં આઠ બિટ્સ (Bits) શું બનાવે?**
(૧) આઠ બાઈટ (૨) એક બાઈટ
(૩) ચાર બાઈટસ (૪) બે બાઈટસ

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

વંદના મનીષ શાહ

**(૨૭) શરીરના કયા અંગની બિમારી માટે ''એન્જીયોગ્રાફી કરવામાં આવે છે ?**
(૧) ફેફસાં (૨) લીવર
(૩) મૂત્રાશય (૪) હ્રદય

**(૨૮) ગાઈગર મૂલર કાઉન્ટર સાધન શું માપવા માટેનું છે ?**
(૧) ધરતીકંપ (૨) દરિયાના મોંજા ગણવા
(૩) રેડિયો એકિટવિટી (૪) દૂધની ઘનતા

**(૨૯) લોહીના સંબંધમાં ''સર્વગ્રાહી'' ગ્રૂપ કયું ?**
(૧) A (૨) B
(૩) AB (૪) O

**(૩૦) વેબસાઈટ માટેનુ પ્રોટોકોલ.......**
(૧) POP (૨) FTP
(૩) WWW (૪) HTTP

**(૩૧) ''માલતી માધવ'' ના લેખક.....**
(૧) બાણ (૨) શૂદ્રક
(૩) કાલીદાસ (૪) ભવભૂતિ

**(૩૨) નાટ્ય શાસ્ત્રના રચયિતા........**
(૧) વાત્સાયન (૨) વસુમિત્ર
(૩) વસિષ્ઠ (૪) ભરતમુનિ

**(૩૩) નીચેનામાંથી કયો વિકલ્પ એકબીજા સાથે બંધ બેસતો નથી ?**
(૧) ટિમોથી ડાલ્ટન (૨) પિયર્સ બ્રોન્સન
(૩) સીન કોનેરી (૪) ટોમ ક્રૂઝ

**(૩૪) ઔદ્યોગિક ક્રાંતિની જન્મભૂમિ બનનાર દેશ....**
(૧) ભારત (૨) રશિયા
(૩) ઈંગ્લેન્ડ (૪) ફ્રાન્સ

**(૩૫) ચીને ભારત પર આક્રમણ કયા વર્ષમાં કર્યુ હતું ?**
(૧) ૧૯૪૭ (૨) ૧૯૭૧
(૩) ૧૯૬૫ (૪) ૧૯૬૨

**(૩૬) કાંગડા ચિત્રકલા શૈલીમાં મુઘલ શૈલીની સાથે કઇ શૈલીનું સંમિશ્રણ જોવા મળે છે ?**
(૧) મણિપુરી (૨) આસામી
(૩) બિહારી (૪) રાજસ્થાની

**(૩૭) જો કોઈ સ્થળનો સ્થાનિક માનક સમય ગ્રીન વીચ સમયથી ૧૨ કલાક આગળ હોય, તો તે સ્થળ કયાં હોય ?**
(૧) $180^o$ E (૨) $180^o$ W
(૩) $90^o$ E (૪) $90^o$ W

**(૩૮) નાયગ્રા ધોધ કયાં સ્થિત છે.**
(૧) ઓસ્ટ્રેલિયામાં (૨) યુ.એસ.એ.માં
(૩) સાઉથ આફ્રિકામાં (૪) જાપાનમાં

**(૩૯) લંડન કઈ નદી પર વસેલું છે ?**
(૧) નાઈલ (૨) સીન
(૩) ટેમ્સ (૪) ટાઈગ્રસ

**(૪૦) રોકડિયો પાક કયો ?**
(૧) ચા (૨) કપાસ
(૩) શણ (૪) ઉપરના બધાજ

**(૪૧) ભારતના પ્રથમ આયોજન પંચના ઉપાધ્યક્ષ.....**
(૧) જવાહરલાલ નહેરુ (૨) સી. રાજગોપાલાચારી
(૩) ગુલઝારીલાલ નંદા (૪) મોરારજી દેસાઈ

**(૪૨) સંઘયાદી, રાજ્યયાદી કે સહવર્તીયાદીમાં ના હોય તેવી બાબતો પર કાયદો ઘડવાની સત્તા કોને ?**
(૧) માત્ર કેન્દ્રને
(૨) રાજ્ય, કેન્દ્ર અને રાષ્ટ્રપતિને
(૩) રાજ્ય અને કેન્દ્રને
(૪) માત્ર રાષ્ટ્રપતિને

**(૪૩) કેટલાક સરકારી કાર્યક્રમમાં રાષ્ટ્રગાનની પ્રથમ અને છેલ્લી પંકિત કાર્યક્રમની શરૂઆતમાં ગાવામાં આવે છે, તે કેટલી સેકન્ડમાં પૂર્ણ થવી જોઈએ ?**
(૧) ૫૨ સેકન્ડ (૨) ૧ મિનિટ
(૩) ૨૦ સેકન્ડ (૪) ૨૬ સેકન્ડ

**(૪૪) ''બાપુના પારણાં'' એ કાવ્ય સંગ્રહ કોણે લખ્યો છે ?**
(૧) ર. વ. દેસાઈ (૨) ઝવેરચંદ મેઘાણી
(૩) મહાદેવભાઈ દેસાઈ (૪) દ્વિરેફ

**(૪૫) A એક કાર્ય ૧૫ દિવસમાં પૂર્ણ કરે છે જ્યારે B તે જ કાર્ય ૧૦ દિવસમાં પૂર્ણ કરે છે. B તે કાર્ય ૫ દિવસ સુધી કરીને જતો રહે છે અને પછી બાકીનું કાર્ય A કેટલા સમયમાં પૂર્ણ કરશે ?**
(૧) ૬ દિવસ (૨) ૭ દિવસ
(૩) ૯ દિવસ (૪) ૭ ૧/૨ દિવસ

**(૪૬) પાઈપ A એક ટાંકીને ૧૦ કલાકમાં ભરે છે. જ્યારે પાઈપ B તે ટાંકીને ૧૨ કલાકમાં ખાલી કરે છે. બન્ને પાઈપને એક સાથે ચાલુ કરવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાય અથવા ખાલી થાય ?**
(૧) ૩૦ કલાકમાં ભરાય (૨) ૩૦ કલાકમાં ખાલી થાય
(૩) ૬૦ કલાકમાં ભરાય (૪) ૬૦ કલાકમાં ખાલી થાય

**(૪૭) 12 વસ્તુઓની મૂળ કિંમત 9 વસ્તુઓની વેચાણ કિંમત બરાબર હોય, તો આ ધંધામાં નફો કે નુકશાન કેટલાં ટકા થાય?**
(૧) 25% નફો (૨) 25% નુકશાન
(૩) 33 1/2 % નફો (૪) 33 1/2 % ખોટ

**(૪૮) એક અપ્રમાણિક વેપારી પોતાની મૂળ વસ્તુઓ મૂળ કિંમતે વેચે છે. પરંતુ વજનમાં 1 કિ.ગ્રા. ના સ્થાને 900 ગ્રામ વજન જ આપે છે. તેને કેટલો નફો થાય?**
(૧) 6 1/4 % (૨) 4 1/6 %
(૩) 6 % (૪) 4 %

**(૪૯) એક વેપારી પોતાની છાપેલી કિંમત પર 10 %વળતર આપવાનો આગ્રહ રાખે છે. આમ છતાં તે ૮ % નફો કમાઈ લે છે તો છાપેલી કિંમત શું હોય ?**
(૧) 112 રૂા. (૨) 120 રૂા.
(૩) 132 રૂા. (૪) 128 રૂા.

**(૫૦) 300 મીટર લાંબી એક ટ્રેઈન 150 મી. લાંબા સ્ટેશનને પસાર કરવા 15 સેકન્ડનો સમય લે છે. તો ટ્રેઈનની ઝડપ કિ.મી./કલાકમાં શોધો?**
(૧) 75 કિ.મી./કલાક (૨) 108 કિ.મી./કલાક
(૩) 96 કિ.મી./કલાક (૪) 72 કિ.મી./કલાક

## જવાબો

**(૧) ૨ (૨) ૪ (૩) ૨ (૪) ૩ (૫) ૧ (૬) ૪ (૭) ૨ (૮) ૪ (૯) ૪ (૧૦) ૩ (૧૧) ૪ (૧૨) ૩ (૧૩) ૧ (૧૪) ૧ (૧૫) ૪ (૧૬) ૪ (૧૭) ૪ (૧૮) ૪ (૧૯) ૨ (૨૦) ૩ (૨૧) ૪ (૨૨) ૨ (૨૩) ૪ (૨૪) ૪ (૨૫) ૨ (૨૬) ૨ (૨૭) ૪ (૨૮) ૩ (૨૯) ૩ (૩૦) ૪ (૩૧) ૪ (૩૨) ૪ (૩૩) ૪ (૩૪) ૩ (૩૫) ૪ (૩૬) ૪ (૩૭) ૨ (૩૮) ૨ (૩૯) ૩ (૪૦) ૪ (૪૧) ૩ (૪૨) ૧ (૪૩) ૩ (૪૪) ૨ (૪૫) ૪ (૪૬) ૩ (૪૭) ૩ (૪૮) ૨ (૪૯) ૨ (૫૦) ૨**

**(૧) પ્રાચીન ભારતના જાણીતા ખગોળશાસ્ત્રી અને ગણિતજ્ઞઃ વરાહ મિહિર એ કયા રાજવીના સમકાલીન હતા ?**
(૧) સ્કંદગુપ્ત (૨) સમુદ્રગુપ્ત
(૩) ચંદ્રગુપ્ત મૌર્ય (૪) વિક્રમાદિત્ય

**(૨) પુખ્ત મનુષ્યના હૃદયના ધબકારા દર મિનિટે સામાન્ય રીતે કેટલા હોય ?**
(૧) ૮૪ (૨) ૭૨
(૩) ૬૦ (૪) ૯૬

**(૩) વિટામીન 'સી' ની શોધ કોણે કરી હતી ?**
(૧) ડૉ. આલ્બર્ટ ઝેન્ટ જેમ્સ (૨) લુઈ પાશ્ચર
(૩) રોન્ટજન (૪) હેવનર

**(૪) ભારતને ઓલિમ્પિક બેડમિન્ટનમાં પ્રથમ વખત મેડલ ક્યારે મળ્યો ?**
(૧) ઓલિમ્પિક : ૨૦૦૪ (૨) ઓલિમ્પિક : ૨૦૦૮
(૩) ઓલિમ્પિક : ૨૦૧૨ (૪) ઓલિમ્પિક : ૨૦૦૦

**(૫) ઓલિમ્પિક : ૨૦૧૨માં ભારતે નીચેના પૈકી કઈ રમતમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો ?**
(૧) ગોળાફેંક (૨) ટેનીસ
(૩) સ્વીમીંગ (૪) બેડમિન્ટન

**(૬) ''અસતો મા સદ્‌ગમય'' નીચેનામાંથી કયા વેદમાંથી લેવામાં આવ્યું છે ?**
(૧) યજુર્વેદ (૨) સામવેદ
(૩) અથર્વવેદ (૪) ઋગ્વેદ

**(૭) કયા દેવતા માટે ઋગ્વેદમાં ''પુરંદર'' શબ્દનો પ્રયોગ થયો છે?**
(૧) ચંદ્ર (૨) ઈન્દ્ર
(૩) અગ્નિ (૪) વરુણ

**(૮) ગાયત્રી મંત્રનો ઉલ્લેખ નીચેનામાંથી કયા પુસ્તકમાંથી મળી આવે છે ?**
(૧) ઋગ્વેદ (૨) યજુર્વેદ
(૩) ઉપનિષદ (૪) ભગવદગીતા

**(૯) ''આર્ય'' - આ શબ્દનો શાબ્દિક અર્થ શું ?**
(૧) કુલીન કે શ્રેષ્ઠ (૨) યજ્ઞ કરાવનાર
(૩) વીર (૪) વિદ્વાન

**(૧૦) પુરાણોની સંખ્યા કેટલી છે ?**
(૧) ૨૪ (૨) ૧૨
(૩) ૧૬ (૪) ૧૮

**(૧૧) સૌથી પ્રાચીન વેદ નીચેનામાંથી કયો ?**
(૧) સામવેદ (૨) યજુર્વેદ
(૩) અથર્વવેદ (૪) ઋગ્વેદ

**(૧૨) જૈન ધર્મમાં ''પૂર્ણ જ્ઞાન'' માટે નીચેનામાંથી કયો શબ્દ વપરાય છે ?**
(૧) કેવળ જ્ઞાન (૨) જિન
(૩) રત્ન (૪) વિશારદ

**(૧૩) બૌધ્ધ ધર્મ ગ્રહણ કરવા વાળી પહેલી મહિલા નીચેનામાંથી કઈ ?**
(૧) મહામાયા (૨) યશોધરા
(૩) સેવા (૪) ગૌતમી

**(૧૪) બોધિગયા આવેલું છે......**
(૧) પ. બંગાળ (૨) બિહાર
(૩) ઓરિસ્સા (૪) કર્ણાટક

**(૧૫) જૈન ધર્મથી સંબંધિત રચના ''પરિશિષ્ટ પર્વ'' ના રચયિતા નીચેનામાંથી કોણ ?**
(૧) ભદ્રબાહુ (૨) નાગાર્જુન
(૩) સ્થૂલભદ્ર (૪) હેમચંદ્ર

**(૧૬) જૈન સાહિત્ય કહેવાય છે......**
(૧) આગમ (૨) નિગમ
(૩) ગ્રંથ (૪) કૈવલ્ય

**(૧૭) કૌટિલ્ય કોનો પ્રધાનમંત્રી હતો ?**
(૧) વિક્રમાદિત્ય (૨) ચંદ્રગુપ્ત પહેલો
(૩) ચંદ્રગુપ્ત મૌર્ય (૪) અજાત શત્રુ

**(૧૮) ''બુધ્ધચરિત્ર'' છે.....**
(૧) બૌધ્ધોનું મહાભારત (૨) બૌધ્ધોનું રત્ન
(૩) બૌધ્ધોનું ત્રિપિટક (૪) બૌધ્ધોનું રામાયણ

**(૧૯) ભગવાન બુધ્ધે સૌથી વધુ ઉપદેશ કયા સ્થળે આપ્યા ?**
(૧) ગાંધાર (૨) ઉજ્જૈયિની
(૩) વારાણસી (૪) શ્રાવસ્તી

**(૨૦) રાજસિંહાસન પર બેસવા માટે જેણે પોતાના પિતા બિન્દુસારની હત્યા કરી, તે શાસક કોણ ?**
(૧) ચંદ્રગુપ્ત મૌર્ય (૨) બિંબિસાર
(૩) અશોક (૪) કનિષ્ક

**(૨૧) ચાણક્યના પિતાનું નામ શું હતું ?**
(૧) શુક્રાચાર્ય
(૨) અજાતશત્રુ
(૩) ચણક
(૪) એક પણ વિકલ્પ સાચો નથી.

**(૨૨) ''અર્થશાસ્ત્ર'' નો લેખક કોનો સમકાલીન હતો ?**
(૧) હર્ષવર્ધન (૨) સમુદ્રગુપ્ત
(૩) અશોક (૪) ચંદ્રગુપ્ત મૌર્ય

**(૨૩) ''ભારતીયો લખવાની કળા નથી જાણતા'' એ કોની ઉક્તિ છે ?**
(૧) મેગેસ્થનીસ (૨) પ્લિની
(૩) ચાણક્ય (૪) શૂદ્રક

**(૨૪) કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં કઈ બાબત પર વધુ પ્રકાશ પાડવામાં આવ્યો છે ?**
(૧) આર્થિક જીવન (૨) ધર્મ અને જ્ઞાન
(૩) સામાજિક જીવન (૪) રાજનીતિ

**(૨૫) બૌધ્ધ ધર્મના પ્રચાર-પ્રસાર માટે સમ્રાટ અશોકે શ્રીલંકામાં કોને મોકલ્યા હતા ?**
(૧) મહેન્દ્ર-સંઘમિત્રા (૨) મહારક્ષિત
(૩) મન સેહરા (૪) કાલ્સી

**(૨૬) ગુપ્તવંશના કયા શાસકે સૌ પ્રથમ ''મહાધિરાજ'' ની ઉપાધિ ધારણ કરી હતી ?**
(૧) ઘટોત્કચગુપ્ત (૨) શ્રી ગુપ્ત
(૩) ચંદ્રગુપ્ત પહેલો (૪) વિક્રમાદિત્ય

**(૨૭) કાલિદાસની કઈ અદ્‌ભૂત કૃતિની ગણના વિશ્વની પ્રસિધ્ધ કૃતિમાં થાય છે ?**
(૧) માલવિકાગ્નિમિત્રમ્ (૨) ઋતુ સંહાર
(૩) અભિજ્ઞાન શાંકુતલમ્ (૪) મેઘદૂત

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર
**વંદના મનીષ શાહ**

**(૨૮) ''સર્વરાજોચ્છેતા'' (સર્વ રાજાઓને ઉખાડીને ફેંકી દેવા વાળો) એવી ઉપાધિ કયા રાજાને પ્રાપ્ત થઈ હતી ?**
(૧) સમુદ્રગુપ્ત
(૨) હર્ષવર્ધન
(૩) ચંદ્રગુપ્ત બીજો (વિક્રમાદિત્ય)
(૪) સ્કંદગુપ્ત

**(૨૯) ચંદ્રગુપ્ત બીજાને પોતાની વીરતાને કારણે નીચેના પૈકી કયા બિરુદો/નામો પ્રાપ્ત થયા હતા ?**
(૧) વિક્રમાદિત્ય (૨) સાહસાંક
(૩) શકારિ (૪) ઉપરના ત્રણેય

**(૩૦) ''કિરાતાર્જુનીયમ્''ના રચયિતા......**
(૧) શૂદ્રક (૨) દંડિન
(૩) ભારવિ (૪) કાલીદાસ

**(૩૧) ''દશકુમાર ચરિત'' ના રચયિતા.....**
(૧) દંડિન (૨) ભારવિ
(૩) હર્ષ (૪) બાણભટ્ટ

**(૩૨) ''પંચસિધ્ધાંતક''ના રચયિતા.....**
(૧) વરાહમિહિર (૨) બાણભટ્ટ
(૩) અશ્વઘોષ (૪) બ્રહ્મગુપ્ત

**(૩૩) ''નવનીતકમ્'' ના રચયિતા......**
(૧) બ્રહ્મગુપ્ત (૨) દંડિન
(૩) બાણ (૪) ધન્વન્તરિ

**(૩૪) ''બ્રહ્મ સિધ્ધાંત'' ના રચયિતા......**
(૧) બાણ (૨) અશ્વઘોષ
(૩) વરાહમિહિર (૪) બ્રહ્મગુપ્ત

**(૩૫) કયા ગુપ્તવંશના રાજવીએ દક્ષિણપથમાં ૧૨ રાજ્યો પર ''ધર્મવિજય'' મેળવ્યો ?**
(૧) હર્ષવર્ધન (૨) સ્કંદગુપ્ત
(૩) ચંદ્રગુપ્ત બીજો (૪) સમુદ્રગુપ્ત

**(૩૬) હર્ષવર્ધનની સૌથી મોટી કૂટનીતિની ઉપલબ્ધિમાં તેણે પોતાની પુત્રીનો વિવાહ વલ્લભી નરેશ સાથે કર્યો હતો, તે વલ્લભી નરેશનું નામ....**
(૧) યશોવર્મન (૨) દેવવર્મન
(૩) ધ્રુવસેન-બીજો (૪) શશાંક

**(૩૭) નીચેના પૈકીનો કયો અંતિમ બૌધ્ધ રાજવી હતો કે જે સંસ્કૃતનો મહાન વિદ્વાન અને લેખક હતો ?**
(૧) અશોક (૨) બિંબિસાર
(૩) કનિષ્ક (૪) હર્ષવર્ધન

**(૩૮) શક્તિશાળી ચાલુક્ય રાજા પુલકેશી-બીજાને કોણે પરાજિત કર્યો હતો ?**
(૧) મહેન્દ્રવર્મન-૧ (૨) નરસિંહ વર્મન-૧
(૩) યશોવર્મન (૪) ધ્રુવવર્મન-૨

**(૩૯) ભારત અને શ્રીલંકા વચ્ચે રમાઈ રહેલી સિરિઝનું નામ કઈ કંપનીના નામથી છે ?**
(૧) ડાઈકેન (૨) હીરો મોટો કોર્પ
(૩) માઈક્રોમેક્સ (૪) રેનોલ્ટ ડસ્ટર

**(૪૦) ભારત અને શ્રીલંકા વચ્ચેની વન-ડે સિરિઝ ભારતે જીતી તે અંગે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે ?**
(૧) ૩-૨ થી જીતી (૨) ૫-૦ થી જીતી
(૩) ૪-૧ થી જીતી (૪) ૬-૨ થી જીતી

**(૪૧) ભારત અને શ્રીલંકા વન ડે સિરિઝનો ''મેન ઓફ ધ સિરિઝ'' કોણ ?**
(૧) ગૌતમ ગંભીર (૨) ઈરફાન પઠાણ
(૩) સુરેશ રૈના (૪) વિરાટ કોહલી

**(૪૨) જ્યારે શત્રુ દ્વારા આત્મસમર્પણ (Surrender) કરવામાં આવે ત્યારે કયા રંગનો ધ્વજ લહેરાવવામાં આવે છે ?**
(૧) લાલ રંગનો (૨) સફેદ રંગનો
(૩) લીલા રંગનો (૪) કેસરી રંગનો

**(૪૩) ફ્રેન્ચની રાજ્યક્રાંતિ કયા વર્ષમાં થઈ હતી ?**
(૧) ૧૬૭૮ (૨) ૧૭૮૯
(૩) ૧૮૧૨ (૪) ૧૭૭૩

**(૪૪) ઇલેક્ટ્રોન કયો વીજભાર ધરાવે છે ?**
(૧) ધન (૨) ઋણ
(૩) તટસ્થ (૪) વીજભાર ધરાવતો નથી.

**(૪૫) ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કઇ જાતિની બે (૨) વ્યક્તિઓની નિમણૂંક લોકસભામાં કરી શકાય છે ?**
(૧) ખ્રિસ્તી (૨) જૈન
(૩) બૌધ્ધ (૪) એંગ્લો-ઇંન્ડિયન

**(૪૬) લોકસભાના અધ્યક્ષને તેઓના પદના શપથગ્રહણ કોણ કરાવે ?**
(૧) ભારતના રાષ્ટ્રપતિ (૨) ભારતના પ્રધાનમંત્રી
(૩) સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ
(૪) શપથ ગ્રહણ કરવાનું હોતું નથી.

**(૪૭) જે સભ્યો, લોકસભા અધ્યક્ષને ચૂંટી કાઢે છે તેઓ હોય છે.......**
(૧) સંસદના સભ્યો
(૨) મંત્રીમંડળના સભ્યો
(૩) લોકસભાના સભ્યો
(૪) લોકસભા અને રાજ્યોની વિધાનસભાના સભ્યો

**(૪૮) લોકસભાના અધ્યક્ષ પોતાનું રાજીનામું કોને મોકલે ?**
(૧) સંસદીય મંત્રીને (૨) પ્રધાનમંત્રીને
(૩) રાષ્ટ્રપતિને (૪) ઉપાધ્યક્ષને

**(૪૯) કાયદાકીય બાબતોમાં રાજ્ય સરકારને કોણ સલાહ સૂચન આપે છે ?**
(૧) એટર્ની જનરલ (૨) એડવોકેટ જનરલ
(૩) સરકારી વકીલ (૪) કાયદામંત્રી

**(૫૦) પ્રજાના નાણાના વ્યયના સંબંધમાં કોણ "Watch Dog" ની ભૂમિકા નિભાવે છે ?**
(૧) સોલીસીટર જનરલ (૨) એટર્ની જનરલ
(૩) કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ
(૪) એક પણ વિકલ્પ સાચો નથી.

## જવાબ

**(૧) ૪ (૨) ૨ (૩) ૧ (૪) ૩ (૫) ૪ (૬) ૪ (૭) ૨ (૮) ૧ (૯) ૧ (૧૦) ૪ (૧૧) ૪ (૧૨) ૧ (૧૩) ૪ (૧૪) ૨ (૧૫) ૪ (૧૬) ૧ (૧૭) ૩ (૧૮) ૪ (૧૯) ૪ (૨૦) ૩ (૨૧) ૩ (૨૨) ૪ (૨૩) ૧ (૨૪) ૪ (૨૫) ૧ (૨૬) ૩ (૨૭) ૩ (૨૮) ૧ (૨૯) ૪ (૩૦) ૩ (૩૧) ૧ (૩૨) ૧ (૩૩) ૪ (૩૪) ૪ (૩૫) ૪ (૩૬) ૩ (૩૭) ૪ (૩૮) ૨ (૩૯) ૩ (૪૦) ૩ (૪૧) ૪ (૪૨) ૨ (૪૩) ૨ (૪૪) ૨ (૪૫) ૪ (૪૬) ૪ (૪૭) ૩ (૪૮) ૪ (૪૯) ૨ (૫૦) ૩**

**(૧) ઓલિમ્પિક ૨૦૧૨ કયા સ્થળે યોજાઈ રહેલ છે ?**
(૧) બેઈજીંગ (૨) ટોક્યો
(૩) સ્વીડન (૪) લંડન

**(૨) હાસ્ય કલાકાર રોવન એટકીન્સ તેની કઈ ભૂમિકાને કારણે ભારે લોકપ્રિય થયો છે ?**
(૧) સ્કૂ બી-ડૂ (૨) મિસ્ટર બીન
(૩) જેરી (૪) સિંચન

**(૩) ઓલિમ્પિક ઉદ્દઘાટન સમારંભ માટેના ઘંટનું વજન કેટલું હતું ?**
(૧) ૧૮ ટન (૨) ૨૩ ટન
(૩) ૨૦ ટન (૪) ૧૨ ટન

**(૪) ખૂબજ વિખ્યાત ફિલ્મ સિરિઝ ''જેમ્સ બોન્ડ-૦૦૭''નું પાત્ર હાલમાં કોણ ભજવી રહ્યું છે ?**
(૧) રોજર મુરે (૨) પિયર્સ બ્રોન્સન
(૩) ટીમોથી ડાલ્ટન (૪) ડેનિયલ ક્રેગ

**(૫) ''એ ટ્રેઈન ટુ પાકિસ્તાન'' જેવા યાદગાર પુસ્તકના લેખક કોણ છે ?**
(૧) સરદાર ખુશવંત સિંઘ (૨) સલમાન રશ્દી
(૩) એસ્થર ડેવિડ (૪) જોન રસ્કીન

**(૬) કથ્થક નૃત્યની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત નૃત્યાંગના કે જેઓએ પદ્મભૂષણનો ઈલ્કાબ સ્વીકારવાની ના પાડી હતી ?**
(૧) ઝવેરી બહેનો (૨) મૃણાલિની સારાભાઈ
(૩) સિતારાદેવી (૪) હેમા માલિની

**(૭) સુકુમાર અઝિક્કોડ કઈ ભાષાના પ્રકાંડ વિદ્વાન ગણાય ?**
(૧) તામિલ (૨) તેલુગુ
(૩) કોંકણી (૪) મલયાલમ

**(૮) પરમાત્માના ત્રણ ગુણો પૈકી રજો ગુણ નીચેનામાંથી કોણ ?**
(૧) બ્રહ્મા (૨) વિષ્ણુ
(૩) મહેશ (૪) એક પણ વિકલ્પ સાચો નથી.

**(૯) ''ધી ગ્રેટેસ્ટ શો ઓન અર્થ'' નીચેનામાંથી કોને માનવામાં આવે છે ?**
(૧) ક્રિકેટ એટ લોર્ડઝ (૨) ટેનીસ એટ વિમ્બલ્ડન
(૩) ઓલિમ્પિક રમતોત્સવ (૪) ત્રણેય વિકલ્પ ખોટા છે.

**(૧૦) વિશ્વમાં Consumer Rights Dayની ઉજવણી કઈ તારીખે થાય છે ?**
(૧) ૧૫મી માર્ચ (૨) ૧૦મી જાન્યુઆરી
(૩) ૧૦મી ડીસેમ્બર (૪) ૧૫મી જુલાઈ

**(૧૧) ભારતમાં કૃષિપેદાશોને પ્રમાણિત કરવા કયો માર્ક (Mark) વાપરવામાં આવે છે ?**
(૧) ISO (૨) ISI
(૩) FAO (૪) AGMARK

**(૧૨) નીચેનામાંથી કઈ પેદાશોની કિંમતનો વહીવટ સરકાર દ્વારા કરવામાં આવે છે ?**
(૧) દવાઓ (૨) મનોરંજન
(૩) શાકભાજી (૪) પેટ્રોલિયમ

**(૧૩) ISO (International Organization for Standarization) નું વડું મથક ક્યાં આવેલું છે ?**
(૧) લંડન (૨) રોમ
(૩) જીનીવા (૪) કેલિફોર્નિયા

**(૧૪) નીચેનામાંથી કોને ''એગમાર્ક''ની જરૂર પડે ?**
(૧) ઘી (૨) ડિઝલ
(૩) કેરોસીન (૪) પેટ્રોલ

**(૧૫) જાહેર વિતરણ વ્યવસ્થાનો લાભ મહત્તમ કોને મળે છે ?**
(૧) સમૃધ્ધ પરિવારોને (૨) મધ્યમ વર્ગને
(૩) સ્ત્રીઓ અને બાળકોને (૪) બી.પી.એલ. કુટુંબોને

**(૧૬) ઓલિમ્પિકના ઈતિહાસમાં સ્વીમીંગમાં સૌથી વધુ મેડલ મેળવનાર ખેલાડી કોણ ?**
(૧) જિમનાસ્ટ લાતીનીના (૨) ફેલ્પ્સ
(૩) ટેનલ ડેન્ટ (૪) ગોન્ઝાલેઝ

**(૧૭) ગાંધીનગરનો સ્થાપના દિન દર વર્ષે કઈ તારીખે આવે છે ?**
(૧) ૧લી ઓગષ્ટ (૨) ૧૫મી ઓગષ્ટ
(૩) ૨૬મી જાન્યુઆરી (૪) ૨જી ઓગષ્ટ

**(૧૮) હાલમાં જ શ્રીલંકાની ધરતી ઉપર શ્રીલંકાની સામે સૌથી મોટો રન ચેઝ કઈ ટીમે કર્યો ?**
(૧) પાકિસ્તાન (૨) બાંગ્લાદેશ
(૩) ન્યુઝિલેન્ડ (૪) ભારત

**(૧૯) $3^0 \times 3^1$ = ...........**
(૧) ૦ (૨) ૯
(૩) ૬ (૪) ૩

**(૨૦) હાલની ઓલિમ્પિક-૨૦૧૨ની કઈ રમતમાં ભારતની એક મહિલા ખેલાડી સેમી ફાઈનલ સુધી પહોંચી છે ?**
(૧) શૂટીંગ (૨) ટેનીસ
(૩) બેડમિન્ટન (૪) સ્વીમીંગ

**(૨૧) નાનામાં નાની સંખ્યા કે જેને ૨૦, ૨૫, ૩૫ અને ૪૦ વડે ભાગવાથી અનુક્રમે ૧૪, ૧૯, ૨૯ અને ૩૪ શેષ વધે ?**
(૧) ૧૬૫૪ (૨) ૧૪૦૬
(૩) ૧૪૦૪ (૪) ૧૩૯૪

**(૨૨) બે સંખ્યાઓનો ગુણાકાર ૧૩૨૦ છે અને તેઓનો ગુરુત્તમ સામાન્ય અવયવી ૬ છે તો લઘુત્તમ સામાન્ય અવયવી શોધો ?**
(૧) ૧૩૨૦ (૨) ૨૨૦
(૩) ૭૯૨૦ (૪) ૧૩૨૬

**(૨૩) છ ઘંટડીઓ એક સાથે રણકે છે, અને તેઓ ૨, ૪, ૬, ૮, ૧૦ અને ૧૨ સેકન્ડે અનુક્રમે રણકે છે તો ૩૦ મિનિટમાં તેઓ એક સાથે કેટલીવાર રણકશે ?**
(૧) ૧૫ વાર (૨) ૧૬ વાર
(૩) ૮ વાર (૪) ૧૦ વાર

**(૨૪) ૧૦૮, ૨૮૮ અને ૩૬૦નો ગુરુત્તમ સામાન્ય અવયવી શોધો ?**
(૧) ૩૬ (૨) ૪૮ (૩) ૧૨ (૪) ૯૬

**(૨૫) એક પિતા તેના પુત્ર કરતાં ઉંમરમાં બમણા મોટા છે. ૨૦ વર્ષ પહેલા પિતાની ઉંમર, પુત્રની ઉંમર કરતા ૧૨ ગણી હતી, તો પિતાની હાલની ઉંમર શોધો ?**
(૧) ૨૨ વર્ષ (૨) ૪૪ વર્ષ
(૩) ૫૨ વર્ષ (૪) ૬૪ વર્ષ

**(૨૬) હાલના ભારતના રાષ્ટ્રપતિ કોણ ?**
(૧) પ્રતિભા પાટીલ (૨) પી. ચિદમ્બરમ
(૩) પ્રણવ મુખર્જી (૪) હમીદ અન્સારી

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

**મનીષ શાહ**

**(૨૭) અરુણા રોયને પ્રતિષ્ઠિત મેગ્સેસે એવોર્ડ નીચેના પૈકી કયા ક્ષેત્રમાં લોકોને જાગૃત કરવા આપવામાં આવ્યો હતો ?**
(૧) શિક્ષણ અભિયાન (૨) માહિતી મેળવવાના અધિકાર
(૩) નાગરિક અધિકાર પત્ર (૪) પર્યાવરણ

**(૨૮) કોલબેલિયા નૃત્ય માટે વિશેષતઃ પ્રખ્યાત બનેલી જાણીતી નૃત્યાંગના........**
(૧) મૃણાલિની સારાભાઈ (૨) ઝવેરી બહેનો
(૩) ગુલાબો (૪) એક પણ વિકલ્પ સાચો નથી

**(૨૯) ભારતની સ્વર સામ્રાજ્ઞી કે જેઓને ૨૦૦૧માં ''ભારતરત્ન''સન્માનથી નવાજવામાં આવેલા તે.......**
(૧) આશા ભોંસલે (૨) અનુરાધા પૌંડવાલ
(૩) લતા મગેંશકર (૪) કવિતા કૃષ્ણમૂર્તિ

**(૩૦) ભારતે પહેલો અણુ ધડાકો કયા પ્રધાનમંત્રીના સમયમાં કર્યો હતો ?**
(૧) મોરારજી દેસાઈ (૨) જવાહરલાલ નહેરુ
(૩) ઈન્દિરા ગાંધી (૪) અટલ બિહારી વાજપેઈ

**(૩૧) કવિયત્રી મહાદેવી વર્માને પોતાની કઈ ઉત્તમ કોટિની કૃતિ માટે ''જ્ઞાનપીઠ પુરસ્કાર'' મળ્યો હતો ?**
(૧) નીહાર (૨) રશ્મિ
(૩) યામા (૪) દીપશિખા

**(૩૨) ઝાંસીની રાણીની લક્ષ્મીબાઈનું બાળપણનું નામ નીચેનામાંથી કયું હતું ?**
(૧) મનુ (૨) છબીલી
(૩) મણિકર્ણિકા (૪) ત્રણેય વિકલ્પો સાચા છે

**(૩૩) સિસ્ટર નિવેદિતા નીચેના પૈકી કોની શિષ્યા હતી ?**
(૧) ગાંધીજી (૨) રવીન્દ્રનાથ ટાગોર
(૩) મહર્ષિ અરવિંદ (૪) સ્વામી વિવેકાનંદ

**(૩૪) ``Master As I saw Him" એ કોની કૃતિ છે ?**
(૧) એસ્થર ડેવિડ (૨) કિરણ દેસાઈ
(૩) સિસ્ટર નિવેદિતા (૪) એની બેસન્ટ

**(૩૫) મેડલીન સ્લેડ (મીરા) કે જે ચુસ્ત ગાંધીવાદી હતા, તેઓને કોણે પોતાના પુત્રી માન્યા હતા ?**
(૧) સુભાષચંદ્ર બોઝ (૨) ગાંધીજી
(૩) લોકમાન્ય ટિળક (૪) દાદાભાઈ નવરોજી

**(૩૬) કવિકાલસર્વજ્ઞ-આચાર્ય હેમચંદ્રાચાર્ય જયંતિ કયા દિવસે આવે છે ?**
(૧) ચૈત્ર સુદ પુનમ (૨) કારતક સુદ પુનમ
(૩) આસો સુદ પુનમ (૪) મહા સુદ પુનમ

**(૩૭) ભગવાન સોમનાથની પ્રતિષ્ઠા કયા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિના હસ્તે કરવામાં આવી હતી ?**
(૧) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (૨) વી. વી. ગિરિ
(૩) જ્ઞાની ઝૈલસિંઘ (૪) સર્વપલ્લી રાધાકૃષ્ણન

**(૩૮) ગાંધીજી માટે ''ગુજરાતનો તપસ્વી'' કાવ્ય કયા કવિએ લખ્યું હતું ?**
(૧) ઝવેરચંદ મેઘાણી (૨) ન્હાનાલાલ
(૩) કલાપી (૪) દ્વિરેફ

**(૩૯) તારંગામાં કયા જૈન તીર્થંકરની પ્રતિમા છે ?**
(૧) અજીતનાથ (૨) ધર્મનાથ
(૩) ઋષભદેવ (૪) અરનાથ

**(૪૦) ''કોર્પોરેટ ચાણક્ય'' એ પુસ્તકના લેખક નીચેનામાંથી કોણ ?**
(૧) કિરણ દેસાઈ (૨) મોહમ્મદ માંકડ
(૩) રાધાકૃષ્ણન પિલ્લાઈ (૪) ડેવિડ હોરોવિટ્ઝ

**(૪૧) "Bull "શબ્દ કોની સાથે સંકળાયેલ છે ?**
(૧) બેન્કીંગ સાથે (૨) આંતરરાષ્ટ્રીય રમત સાથે
(૩) વ્યાપાર સાથે (૪) શેર બજાર સાથે

**(૪૨) હાલમાં નેશનલ સ્ટોક એક્સચેન્જ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જના શેરબજાર ખુલવાના અને બંધ થવાનો સમય કયો ?**
(૧) ૯.૧૫ થી ૩.૦૦ (૨) ૯.૫૫ થી ૩.૩૦
(૩) ૯.૫૫ થી ૪.૦૦ (૪) ૯.૧૫ થી ૩.૩૦

**(૪૩) ''આનંદ'' ફિલ્મમાં ''આનંદ'' નામ કયા અભિનેતાનું હતું ?**
(૧) અભિતાભ બચ્ચન (૨) રાજેશ ખન્ના
(૩) અજીત (૪) અનિલકુમાર

**(૪૪) ''બોન્ડ ૦૦૭'' સિરિઝની ફિલ્મનો બોક્સ ઓફિસ પર સફળ અભિનેતા નીચેનામાંથી કોણ ?**
(૧) ટીમોથી ડાલ્ટન (૨) રોજર મુરે
(૩) ડેનિયલ ક્રેગ (૪) પિયર્સ બ્રોન્સન

**(૪૫) સંસદીય સચિવશ્રીઓની શપથ વિધિનું કાર્ય ગુજરાત સરકારનો કયો વિભાગ કરે છે ?**
(૧) કાયદા વિભાગ
(૨) વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
(૩) સામાન્ય વહીવટ વિભાગ
(૪) ગૃહ વિભાગ

**(૪૬) બોલીવુડની દુનિયામાં ૧૦૦ કરોડ કલબમાં સૌથી પહેલુ સ્થાન કયા અભિનેતાએ મેળવ્યુ હતું ?**
(૧) સલમાન ખાન (૨) અજય દેવગણ
(૩) શાહરુખ ખાન (૪) આમીર ખાન

**(૪૭) આફ્રિકામાં કયા જીવને ''અન્નના દેવ'' તરીકે માનવામાં આવે છે ?**
(૧) નોળિયો (૨) સાપ
(૩) બિલાડી (૪) ઉંદર

**(૪૮) કયા દેશમાં આવેલા ઝરણાઓ, નદીઓના અધિષ્ઠાતા કોઈને કોઈ નાગદેવતા છે ?**
(૧) ચીન (૨) ભારત
(૩) બાંગ્લાદેશ (૪) તિબેટ

**(૪૯) રશિયાના અબજોપતિ યુરી મિલ્નરે સ્થાપેલ પારિતોષિક, કે જેની કિંમત નોબેલ અને ટેમ્પલ્ટન પ્રાઈઝ કરતાં પણ વધુ થાય છે, તે કયા ક્ષેત્રમાં આપવામાં આવે છે ?**
(૧) પર્યાવરણ (૨) વિજ્ઞાન અને સંશોધન
(૩) રસાયણ શાસ્ત્ર (૪) ભૌતિક શાસ્ત્ર

**(૫૦) દીપડા દરવાજા હત્યાકાંડમાં ૨૧ને જન્મટીપને સજા થઈ છે તે કયા શહેરનો ?**
(૧) મહેસાણા (૨) વિસનગર
(૩) ગોધરા (૪) પાલનપુર

## જવાબ

**(૧) ૪ (૨) ૨ (૩) ૨ (૪) ૪ (૫) ૧ (૬) ૩ (૭) ૪ (૮) ૧ (૯) ૩ (૧૦) ૧ (૧૧) ૪ (૧૨) ૪ (૧૩) ૩ (૧૪) ૧ (૧૫) ૪ (૧૬) ૨ (૧૭) ૪ (૧૮) ૪ (૧૯) ૪ (૨૦) ૩ (૨૧) ૪ (૨૨) ૨ (૨૩) ૨ (૨૪) ૧ (૨૫) ૨ (૨૬) ૩ (૨૭) ૨ (૨૮) ૩ (૨૯) ૩ (૩૦) ૩ (૩૧) ૩ (૩૨) ૪ (૩૩) ૪ (૩૪) ૩ (૩૫) ૨ (૩૬) ૨ (૩૭) ૧ (૩૮) ૨ (૩૯) ૧ (૪૦) ૩ (૪૧) ૪ (૪૨) ૪ (૪૩) ૨ (૪૪) ૪ (૪૫) ૩ (૪૬) ૪ (૪૭) ૨ (૪૮) ૪ (૪૯) ૪(૫૦) ૨**

**(૧) કઈ અગ્રણી ઓટો કંપનીના ચેરમેન હાલમાં નિવૃત્ત થયા છે ?**
(૧) તાતા (૨) મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા
(૩) એમટેક ઓટો (૪) હીરો મોટોકોર્પ

**(૨) GAAR હવે ક્યારથી લાગુ કરવાનો ભારત સરકારના નાણાં મંત્રાલયે સંકેત આપ્યો છે ?**
(૧) એપ્રિલ,૨૦૧૩ (૨) એપ્રિલ,૨૦૧૪
(૩) જાન્યુઆરી, ૨૦૧૫ (૪) જાન્યુઆરી, ૨૦૧૩

**(૩) DIAL વિવાદ શું છે ?**
(૧) કોલ રેટમાં અસંખ્ય વધારો કરવાનો
(૨) પ્રતિ મિનિટ કે પ્રતિ સેકન્ડ પ્રમાણે ચાર્જ નહિ વસુલી વધારાનો ચાર્જ વસુલવાનો
(૩) સસ્તી જમીન આપવાનો
(૪) એક પણ વિકલ્પ સાચો નથી.

**(૪) ''ક્યુરિઓસિટી'' શું છે ?**
(૧) એક અંગ્રેજી ફિલ્મનું નામ
(૨) નાસાનું આધુનિક સ્પેસ ક્રાફ્ટ
(૩) જેમ્સ બોન્ડની આગામી ફિલ્મનું નામ
(૪) રશિયાનું અત્યાધુનિક નૌકા જહાજ

**(૫) નાસાનું સ્પેસક્રાફ્ટ કયા ગ્રહ પર જીવનની શક્યતા તપાસવાની કામગીરી કરવાનું છે ?**
(૧) પ્લુટો (૨) શનિ
(૩) શુક્ર (૪) મંગળ

**(૬) સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટેક્સીસે કોને આપેલી ભેટ સોગાદોને પોતાની આવકમાં ઉમેરી વેરો લેવાનો હાલમાં નિર્ણય કરેલ છે ?**
(૧) બીઝનેસમેન (૨) ડોક્ટર્સ
(૩) સરકારી કર્મચારી (૪) એન.જી.ઓ.

**(૭) યમુના એક્સપ્રેસ-વે કયા બે શહેરોને જોડતો બનાવવામાં આવ્યો છે ?**
(૧) દિલ્હી-મુંબઈ (૨) દિલ્હી-ચંડીગઢ
(૩) દિલ્હી-મનાલી (૪) દિલ્હી-આગ્રા

**(૮) જન્માષ્ટમીનાં દહીં-હાંડીના ઉત્સવ પર વીમા કંપની માત્ર કેટલા રૂા.ના પ્રિમિયમ પર અકસ્માતનો રૂા.૧.૫ લાખનો વીમો લેવાનું નક્કી કરવામાં આવ્યું છે ?**
(૧) રૂા.૩૦ (૨) રૂા.૫૦
(૩) રૂા.૧૦૦ (૪) રૂા.૨૦૦

**(૯) ઓલિમ્પિકની રમતના કારણે ''ફાસ્ટેસ્ટ મેન ઓન અર્થ'' નીચેનામાંથી કોણ ?**
(૧) બ્લેક (૨) ગેટલી
(૩) લુઈસ (૪) બોલ્ટ

**(૧૦) ઓલિમ્પિકની ૧૦૦મી. દોડની રમતમાં ''ફાસ્ટેસ્ટ મેન ઓન અર્થ'' બોલ્ટે કેટલી સેકન્ડમાં નવી સિધ્ધિ મેળવી ?**
(૧) ૯.૭૫ સેકન્ડ (૨) ૯.૭૮ સેકન્ડ
(૩) ૯.૫૨ સેકન્ડ (૪) ૯.૬૩ સેકન્ડ

**(૧૧) નીચેનામાંથી કોણે ઓલિમ્પિક-૨૦૧૨ની કોઈ ગેમ્સમાં ભારત વતી એક પણ મેડલ જીત્યો નથી ?**
(૧) મેરીકોન (૨) સાયના નેહવાલ
(૩) ગગન નારંગ (૪) અભિનવ બિન્દ્રા

**(૧૨) ''ફાસ્ટેસ્ટ મેન ઓન અર્થ : બોલ્ટ'' કયા દેશનો છે ?**
(૧) અમેરિકા (૨) બ્રિટન
(૩) જમૈકા (૪) બ્રાઝિલ

**(૧૩) ભારતના ઉપરાષ્ટ્રપતિ પદે હાલમાં કોણ ચૂંટાયું છે ?**
(૧) જશવંતસિંહ (૨) વિલાસરાવ દેશમુખ
(૩) હમીદ અન્સારી (૪) એક પણ વિકલ્પ સાચો નથી.

**(૧૪) સતત બીજી ટર્મ માટે ઉપરાષ્ટ્રપતિ પદે ચૂંટાયેલા શ્રી હમીદ અન્સારી પૂર્વે કોણ આવી રીતે સતત બીજી ટર્મ માટે ઉપરાષ્ટ્રપતિ પદે ચૂંટાયા હતા ?**
(૧) સર્વપલ્લી રાધાકૃષ્ણન્ (૨) કે. નારાયણન
(૩) જ્ઞાની ઝૈલસિંઘ (૪) ડૉ. એપીજે. અબ્દુલ કલામ

**(૧૫) ૬૬મા સ્વાતંત્ર્ય પર્વના રાજ્યકક્ષાના સમારોહ દરમ્યાન કયા નવા જીલ્લાની રચનાની જાહેરાત કરવામાં આવી છે ?**
(૧) વેરાવળ (૨) સોમનાથ
(૩) વ્યારા (૪) ગીર-સોમનાથ

**(૧૬) અમદાવાદના રીવર ફ્રન્ટ ખાતે ''બોટીંગ અને વોક વે'' નો લોકાર્પણ પ્રસંગ કઈ તારીખે થયો ?**
(૧) ૮મી ઓગષ્ટ,૨૦૧૨ (૨) ૧૪મી ઓગષ્ટ,૨૦૧૨
(૩) ૧૫મી ઓગષ્ટ,૨૦૧૨ (૪) ૧૨મી ઓગષ્ટ,૨૦૧૨

**(૧૭) ગુજરાતની કનિકા ભલ્લા અને આશના શાહ કઈ રમતગમત માટે આંતરરાષ્ટ્રીય સિધ્ધિ ધરાવે છે ?**
(૧) ગોલ્ફ (૨) ક્રિકેટ
(૩) કુસ્તી (૪) સ્કેટીંગ

**(૧૮) સ્વાતંત્ર્ય પર્વે મુખ્યમંત્રીશ્રી દ્વારા સ્વાતંત્ર્ય સેનાનીને અપાતું રૂા.૫૦૦૦/-નું પેન્શન વધારી કેટલું કરવા જાહેરાત કરી છે ?**
(૧) રૂા.૭૦૦૦/- (૨) રૂા.૮૦૦૦/-
(૩) રૂા.૫૫૦૦/- (૪) રૂા.૬૦૦૦/-

**(૧૯) મધ્યપ્રદેશની જેમ ગુજરાતમાં પણ ગુટખા પર પ્રતિબંધની જાહેરાત કરવામાં આવી છે તેની સંપૂર્ણ અમલવારી ક્યારથી થશે ?**
(૧) ૧૫મી ઓગષ્ટથી (૨) ૧૯મી સપ્ટેમ્બરથી
(૩) ૧લી સપ્ટેમ્બરથી (૪) ૧૧મી સપ્ટેમ્બરથી

**(૨૦) તાજેતરમાં આસામમાં થયેલી હિંસાને પગલે બદલો લેવાની અફવાથી દેશના કયા રાજ્યમાંથી આસામીઝ લોકોનું સ્થળાંતર થયું છે ?**
(૧) આંધ્રપ્રદેશ (૨) કર્ણાટક
(૩) ઓરિસ્સા (૪) પંજાબ

**(૨૧) તાજેતરમાં અખબારોમાં પ્રસિધ્ધ થયેલા સમાચારો પ્રમાણે એક આરટીઆઈની અરજીના જવાબમાં નીચેનામાંથી કયો તહેવાર રાષ્ટ્રીય તહેવાર તરીકે સત્તાવાર રીતે જાહેર ન કરાયો હોવાનું જાણવા મળેલ છે ?**
(૧) સ્વાતંત્ર્ય પર્વ
(૨) પ્રજાસત્તાક દિન
(૩) મહાત્મા ગાંધીનો જન્મદિન
(૪) ઉપરના ત્રણેય

**(૨૨) કેન્દ્રીય પ્રધાન વિલાસરાવ દેશમુખનું તાજેતરમાં દુઃખદ અવસાન થયું, તે પહેલા કયા રાજ્યના મુખ્યપ્રધાન હતા ?**
(૧) કર્ણાટક (૨) ગોવા
(૩) મહારાષ્ટ્ર (૪) આંધ્રપ્રદેશ

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

**મનીષ શાહ**

**(૨૩) કોઈ વ્યક્તિ વિશેષના બપોર પછીના અવસાન બાદ બીજા દિવસે રાજકીય શોક (State Monshing) માં રાષ્ટ્રધ્વજ અર્ધી કાઠીએ કરવામાં આવતો હોય છે પરંતુ નીચેના પૈકી કયા દિવસો આવતા હોય (following days) ત્યારે રાષ્ટ્રધ્વજ અર્ધી કાઠીએ કરવામાં આવતો નથી ?**
(૧) સ્વાતંત્ર્ય પર્વ
(૨) પ્રજાસત્તાક પર્વ
(૩) મહાત્મા ગાંધીનો જન્મદિવસ
(૪) ઉપરના ત્રણેય

**૨૪ થી ૨૯ આ પ્રશ્નોમાં સાચો જવાબ શોધી ખાલી જગ્યા પૂરો.**

**(૨૪) ઘરેલું હિંસાથી મહિલાઓનું સંરક્ષણ અધિનિયમ,...**
(૧) ૨૦૦૨ (૨) ૨૦૦૩
(૩) ૨૦૦૪ (૪) ૨૦૦૫

**(૨૫) દહેજ પ્રતિષેધ અધિનિયમ,.......**
(૧) ૧૯૫૧ (૨) ૧૯૬૧
(૩) ૧૯૭૧ (૪) ૧૯૮૧

**(૨૬) સ્ત્રી અશિષ્ટ રૂપણ (પ્રતિષેધ) અધિનિયમ,.....**
(૧) ૧૯૮૬ (૨) ૧૯૯૬
(૩) ૨૦૦૬ (૪) ૧૯૭૬

**(૨૭) બાલવિવાહ પ્રતિષેધ અધિનિયમ,....માં ૧૮ વર્ષથી ઓછી ઉંમરની દીકરી અને ૨૧ વર્ષથી ઓછી ઉંમરના છોકરાના લગ્ન નિષેધ કરાયા છે**
(૧) ૨૦૦૪ (૨) ૨૦૦૫
(૩) ૨૦૦૬ (૪) ૨૦૦૭

**(૨૮) લૈંગિક અપરાધોથી બાળકોના સંરક્ષણ અધિનિયમ,....**
(૧) ૨૦૦૫ (૨) ૨૦૦૭
(૩) ૨૦૧૦ (૪) ૨૦૧૨

**(૨૯) અનૈતિક વ્યાપાર (નિવારણ) અધિનિયમ,...... જે વ્યવસાયિક યૌન શોષણ હેતુ મહિલાઓ અને બાળકોના વ્યાપારનો નિષેધ કરે છે.**
(૧) ૧૯૬૬ (૨) ૧૯૭૬
(૩) ૧૯૫૬ (૪) ૧૯૮૬

**(૩૦) લંડન ઓલિમ્પિક, ૨૦૧૨માં ભારતના ભાગે કુલ કેટલા મેડલ આવ્યા ?**
(૧) ત્રણ (૨) ચાર
(૩) પાંચ (૪) છ

**(૩૧) લંડન ઓલિમ્પિક્સમાં ભારતને બે સિલ્વર મેડલ મળ્યા, તેમાંથી એક કુસ્તીમાં મળ્યો તો બીજો શેમાં મળ્યો ?**
(૧) બેડમિંગ્ટન (૨) બોક્સીંગ
(૩) શૂટીંગ (૪) તિરંદાજી

**(૩૨) યોગેશ્વરદત્ત અને સુશીલકુમાર એ નામો કઈ રમત સાથે સંકળાયેલા છે ?**
(૧) બોક્સિંગ (૨) શૂટીંગ
(૩) બેડમિંગ્ટન (૪) કુસ્તી

**(૩૩) વિજયકુમાર નીચેનામાંથી કઈ રમત સાથે સંકળાયેલા છે ?**
(૧) શૂટીંગ (૨) કુસ્તી
(૩) બેડમિંગ્ટન (૪) બોક્સિંગ

**(૩૪) લંડન ઓલિમ્પિક્સમાં ભારતને ફાળે કુલ કેટલા બ્રોન્ઝ મેડલ આવ્યા ?**
(૧) બે (૨) ત્રણ
(૩) ચાર (૪) પાંચ

**(૩૫) તાજેતરમાં કયા દેશમાં આવેલા ભૂકંપના કારણે ૩૦૦ થી વધુના મોત થયા હતા ?**
(૧) ઈરાન (૨) કુવૈત
(૩) ઈન્ડોનેશિયા (૪) સાઉદી અરેબિયા

**(૩૬) રેશમી વસ્ત્રોનું સૌથી વધુ ઉત્પાદન કયો દેશ કરે છે ?**
(૧) યુ.એસ.એ. (૨) ચીન
(૩) ભારત (૪) જાપાન

**(૩૭) ઓટોમોબાઈલ્સ ઉદ્યોગ માટે કયો વિકલ્પ સાચો છે ?**
(૧) જહોન્સબર્ગ (૨) ડેટ્રોઈટ
(૩) વેનિસ (૪) હવાના

**(૩૮) સિગારના ઉત્પાદન માટે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે ?**
(૧) ડેટ્રોઈટ (૨) જહોન્સબર્ગ
(૩) હવાના (૪) મેક્સિકો

**(૩૯) નીચેનામાંથી કયા રાજ્યમાં શેરડીનું સૌથી વધુ ઉત્પાદન થાય છે ?**
(૧) ઉત્તર પ્રદેશ (૨) મહારાષ્ટ્ર
(૩) ગુજરાત (૪) મધ્યપ્રદેશ

**(૪૦) હાલમાં નવા જીલ્લાની જાહેરાત થઈ, તેથી હવે ગુજરાતમાં કુલ કેટલા જીલ્લા થશે ?**
(૧) ૨૬ (૨) ૨૮
(૩) ૨૭ (૪) એક પણ વિકલ્પ સાચો નથી.

**(૪૧) ઈરાકનું પૌરાણિક નામ નીચેનામાંથી કયું ?**
(૧) પર્શિયા (૨) બટાવિયા
(૩) મસોપોટેમિયા (૪) હોલેન્ડ

**(૪૨) ''ન્યૂ ગ્રેનેડા'' - પૌરાણિક નામ કયા દેશનું છે ?**
(૧) પેરુ (૨) વેનેજુએલા
(૩) કેનેડા (૪) કોલંબિયા

**(૪૩) ''નિપ્પોન'' એ પૌરાણિક નામથી કયો દેશ જાણીતો છે ?**
(૧) કેનેડા (૨) જર્મની
(૩) જાપાન (૪) દક્ષિણ કોરિયા

**(૪૪) કયા દેશનું પૌરાણિક નામ પર્શિયા હતું ?**
(૧) ઈરાક (૨) ઈરાન
(૩) તહેરાન (૪) અફઘાનિસ્તાન

**(૪૫) ચીનની રાજધાની બેઈજીંગનું પૌરાણિક નામ કયું હતું ?**
(૧) તાઈકીંગ (૨) પેકીંગ
(૩) બટાવિયા (૪) શાંગહાઈ

**(૪૬) ''વિશ્વનો ખાંડનો ભંડાર'' આ નામ કયા દેશનું છે ?**
(૧) ચીન (૨) ભારત
(૩) ક્યુબા (૪) શ્રીલંકા

**(૪૭) યુરોપના કયા દેશને લઘુ યુરોપ કે નાનો યુરોપ કહે છે ?**
(૧) ફ્રાંસ (૨) ઈંગ્લેન્ડ
(૩) જર્મની (૪) હોલેન્ડ

**(૪૮) ''દક્ષિણનું બ્રિટન'' નીચેનામાંથી કયું ?**
(૧) ફિલેન્ડ (૨) ફિઝી
(૩) ઓસ્ટ્રેલિયા (૪) ન્યૂઝીલેન્ડ

**(૪૯) ''એશિયાનું પ્રવેશદ્વાર'' કહેવાય છે .....**
(૧) કોચીન (૨) તુર્કી
(૩) જાવા (૪) ઈન્ડોનેશિયા

**(૫૦) કાંગારુઓના દેશ તરીકે જાણીતું છે......**
(૧) બ્રાઝિલ (૨) ઓસ્ટ્રેલિયા
(૩) ન્યૂઝીલેન્ડ (૪) વિયેતનામ

## જવાબ

**(૧) ૨ (૨) ૧ (૩) ૩ (૪) ૨ (૫) ૪ (૬) ૨ (૭) ૪ (૮) ૧ (૯) ૪ (૧૦) ૪ (૧૧) ૪ (૧૨) ૩ (૧૩) ૩ (૧૪) ૧ (૧૫) ૪ (૧૬) ૩ (૧૭) ૪ (૧૮) ૪ (૧૯) ૪ (૨૦) ૨ (૨૧) ૪ (૨૨) ૩ (૨૩) ૪ (૨૪) ૪ (૨૫) ૨ (૨૬) ૧ (૨૭) ૩ (૨૮) ૪ (૨૯) ૩ (૩૦) ૪ (૩૧) ૩ (૩૨) ૪ (૩૩) ૧ (૩૪) ૩ (૩૫) ૧ (૩૬) ૨ (૩૭) ૨ (૩૮) ૩ (૩૯) ૧ (૪૦) ૩ (૪૧) ૩ (૪૨) ૪ (૪૩) ૩ (૪૪) ૨ (૪૫) ૨ (૪૬) ૩ (૪૭) ૧ (૪૮) ૪ (૪૯) ૨ (૫૦) ૨**